શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીનું મુખપત્ર


# પરજિયા સોની સંદેશ



સર્વોનું... સુવર્ણ ગૌરવ


E-mail : sonisandesh1@gmail.com

www.parajiyasoni.in

વર્ષ : ૩૬ • અંક : ૮ • પાના : ૨૦ | તંત્રી : ભરત કે. સતિકુંવર | ઓગસ્ટ – ૨૦૨૫ | મૂલ્ય : રૂા. ૧૨/–





## ગણેશ ચતુર્થીની હાર્દિક શુભેચ્છા

।। જય શ્રી રાંદલ મા ।।

**સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા અને તેમના ધર્મપત્ની**
**સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા (નાંદુરી)ના પુણ્ય સ્મરણાર્થે**




સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા



સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા

'સોની સંદેશ' નિભાવ ફંડના મુખ્ય દાતા



સ્વ. ગોરધનદાસ ઓધવજીભાઈ વાચા



સ્વ. મગનભાઈ ઓધવજીભાઈ વાચા

# ચિ. દર્શ ને ખૂબ ખૂબ અભિનંદન...



કુળદેવી શ્રી ચામુંડા માતાની અસીમ કૃપાથી ચરખા નિવાસી (હાલ મુંબઈ) સ્વ. હિમ્મતલાલ માણસુરભાઈ થડેશ્વર તથા ઉષાબેન હિમ્મતલાલ થડેશ્વરના પૌત્ર તેમજ શ્રીમતી નેહલબેન દેવેનભાઈ થડેશ્વરના પુત્ર ચિ. દર્શ થડેશ્વર એ મુંબઈની NMIMS કોલેજથી ARCHITECT માં ડિગ્રી પ્રાપ્ત કરેલ છે.

**શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી ચિ. દર્શને મેળવેલી સિદ્ધિને બિરદાવે છે, તથા ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવે છે.**




# હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ...

શ્રીમતી સોનલબેન ચલ્લા તથા શ્રી સૂર્યકાંતભાઈ ચલ્લાના લાડકવાયા પુત્ર **શ્રી રાજદિપ સૂર્યકાંતભાઈ ચલ્લા**એ યૂનાઇટિડ કિંગડમની Cardiff University માંથી B.Sc. in Economics and Finance ની સ્નાતક ડિગ્રી સફળતાપૂર્વક પ્રાપ્ત કરી છે.

તેમજ **ચિ. નીરવ ચલ્લાએ** તેમની અવિશ્વસનીય મહેનત, પ્રામાણિકતા અને નિષ્ઠાથી અભ્યાસ કરીને યૂ.કે. ની Cardiff Metropolitan University માંથી Bachelor of Science with Honours in Computer Science (Robotics)ની પ્રતિષ્ઠિત સ્નાતક ડિગ્રી હાંસલ કરી છે. આ બંને ગૌરવ સભર સિદ્ધિઓ બદલ અભિનંદન પાઠવીએ છીએ તથા ઉજ્જવળ ભવિષ્ય માટે સફળ અને સુખમય જીવનની અઢ્યંત શુભકામનાઓ આપી છે.

**તમારૂ જીવન નવા સિદ્ધિ શિખરો સર કરે અને દરેક પગથિયે સફળતાની મીઠી સોગાદ મળે એવી પ્રાર્થના...**



શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
(બોરીવલી)નું મુખપત્ર

**પરજિયા**
**સોની સંદેશ**

તંત્રી :
**ભરત કે. સતિકુંવર**

❖

**પ્રકાશન સ્થળ**
**પરજિયા સોની સંદેશ**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૪૦૦ ૦૯૨.

❖

**મુખપત્રના માલિક**
**શ્રી મુંબઈ ઉપનગર**
**પરજિયા સહકારી સોસાયટી**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.
ફોન : 022-2898 3905
022-2899 9097
ફોન : +91-93244 35547
Email: sonisandesh1@gmail.com

❖

**મૂલ્ય : રૂા. ૧૨.૦૦**

❖


**મુદ્રણ સ્થાન**
**જીજ્ઞેશ પ્રિન્ટર્સ**
૧, રોહન રેસીડેન્સી, બાભઈ નાકા,
લોટસ હોસ્પિટલ સામે,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.

**આજીવન લવાજમના દરો :**
**ભારતમાં : રૂા. ૫૦૦/-**
**વિદેશમાં : રૂા. ૩૫૦૦/-**
લવાજમ તેમજ જાહેરાતના ચેક **'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી'** (Shree Mumbai Upnagar Parajiya Sahakari Society) ના નામે મોકલવા.


## આ અંકમાં વાંચશો...


- અભિનંદન
- તંત્રી સ્થાનેથી....
- પરજવંશનો ચળકતો બુરજ...
- ભલાઈ
- ૩૬મો તેજસ્વીતા સન્માન સમારોહ
- મુંબઈ સુવર્ણકાર સંઘ
- 'મા' ના બે ચરણ
- લાગણીઓનું ઘર એટલે હૃદય
- કેવળ પરમાત્મા ઉપર ...
- જેટલું લો તેનાથી વધુ આપો
- દીર્ઘદ્રિષ્ટી
- ગણેશોત્સવ
- ભેટની યાદી
- સગા વહાલા

પ્રદક્ષિણાના નિયમ

## પ્રતિજ્ઞા

સમાજનો દરેક માણસ સુશિક્ષિત, સંસ્કારી અને સુશીલ હોય,
સમાજનો દરેક માણસ સ્વાવલંબી અને સધ્ધર હોય,
સમાજનો દરેક માણસ એકબીજાને મદદ કરવા તત્પર હોય,
સમાજનો દરેક માણસ સુંદર વિચારોથી સમૃદ્ધ હોય,
એવા સમાજનું નિર્માણ કરવા અમો પ્રતિબધ્ધ છીએ.

– કારોબારી કમિટિ

'સોની સંદેશ'માં પ્રગટ થતી કૃતિઓ વ્યક્ત થતાં મંતવ્યો કર્તાના પોતાના છે અને અંકમાં પ્રકાશિત થતી કોઈપણ માહિતી-લેખ સાથે પ્રકાશક, તંત્રી તથા સહતંત્રી સહમત છે તેમ માનવું નહીં.

# સોની વાડીના મુખ્ય દાતાશ્રીઓ

★ એજ્યુકેશન ફંડ ★

શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)

★ ગુણવંત વિદ્યાર્થી વાર્ષિક ફંડ (હાયર એજ્યુ.) ★

શ્રી બાબુભાઈ શામળાદાસભાઈ ધાણક (સાવલી) મુંબઈ
શ્રી ભૂપેશભાઈ હરગોવિંદભાઈ (બાબુભાઈ) ધકાણ (જામકા–દુબઈ)

★ આર્થિક સહાય ★

સ્વ. રતિભાઈ કરશનદાસ ધકાણ (સરસઈ), દુબઈ

★ કાયમી દાતા ★

શ્રી અનિલભાઈ વ્રજલાલભાઈ ધાણક (બગસરા)

★ સમૂહ લગ્ન ★

સ્વ. બાબુભાઈ લક્ષ્મણભાઈ ચોક્સી (જેતપુર), બેહરીન

★ વિકલાંગ સહાય ફંડ ★

સ્વ. મગનભાઈ લાખાભાઈ ધોરડા (બગસરા), મુંબઈ

★ નેત્રબિંદુ સહાય ફંડ ★

સ્વ. મગનલાલ કાનજીભાઈ જીણાદ્રા (રાજુલા), મુંબઈ

★ મેડીકલ સહાય ફંડ ★

સ્વ. માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ગઢડા), મુંબઈ
સ્વ. શાંતાબેન માધવજીભાઈ ધકાણ પરિવાર

★ સોની સંદેશ નિભાવ ફંડ ★

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા (નાંદુરી), નૈરોબી
સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાયા

★ સોની સંદેશ નિભાવ ફંડ સહયોગી દાતા ★

સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ (જામકા), દુબઈ
સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

★ આકસ્મીક સહાય ફંડ ★

સ્વ. રતીલાલ દેવરાજભાઈ થડેશ્વર (મોટા દેવળીયા)
ગં. સ્વ. ભાનુબેન રતીલાલ થડેશ્વર

*તંત્રી સ્થાનેથી....✍*



# શિક્ષિત યુવાનઃ સમાજની એકતા અને વિકાસનો પાયો.......

આજના સમયનો સમાજ અનેક પડકારો વચ્ચે આગળ વધવાનો પ્રયત્ન કરી રહ્યો છે. વિકાસ માટે આર્થિક સ્તર, ટેક્નોલોજી કે સુવિધાઓ જેટલી જરૂરી છે, એટલેજ જરૂરી છે – લોકો વચ્ચે એકતા અને સમજદારી. સમાજમાં જ્યારે લોકો ભેદભાવ ભૂલીને સાથે મળીને કામ કરે છે ત્યારે વિકાસ પણ સહજ બની રહે છે. એ માટે આજે બે બાબતો ખૂબ જ મહત્વપૂર્ણ બની છે – સાચું શિક્ષણ અને યુવાનોની સક્રિય ભૂમિકા. શિક્ષણ – જાગૃતિનું પ્રકાશપથ શિક્ષણ એ કોઈપણ સમાજ માટે માત્ર પદવી મેળવવાનું સાધન નથી. સાચું શિક્ષણ એ છે જે માણસમાં વિચાર શક્તિ આપે, સમજૂતી આપે અને પોતાના તેમજ સમાજના હક્કો–ફરજો વિશે જાગૃત બનાવે. જ્યારે વ્યક્તિ પોતાના હક્કોને ઓળખે છે અને ફરજ ભૂલે નહિ, ત્યારે સમાજના સઘન પ્રશ્નો પણ સહજતાથી ઉકલી શકે છે. આજે જરૂર છે કે શિક્ષણ માત્ર શાળાની ભીતરો સુધી નહીં, પરંતુ ગ્રામ્ય અને શહેરી સમાજ સુધી જીવંત જાગૃતિના રૂપમાં પહોંચે. લાઇફ સ્કિલ શિબિરો, મૂલ્ય શિક્ષણ કાર્યક્રમો અને નાગરિક જાગૃતિ અભિયાનો દ્વારા સમાજમાં સંવેદનશીલતા અને જવાબદારી બંને વિકસાવી શકાય. યુવાનો – નવી દિશાના માર્ગદર્શક યુવાનો એ સમાજની ઉર્જા છે. તેઓમાં ઉત્સાહ છે, ટેક્નોલોજીની સમજ છે અને નવી દિશામાં વિચારવાની શક્તિ છે. જો તેમને યોગ્ય માર્ગદર્શન મળે, તો યુવાનો માત્ર પોતાનું નહીં, પરંતુ આખા સમાજનું ભવિષ્ય પણ બદલવાનું શક્તિ ધરાવે છે. યુવાનોને શિક્ષણ, સ્વાસ્થ્ય, પર્યાવરણ અને મહિલા સશક્તિકરણ જેવા ક્ષેત્રોમાં જોડાવાનું પ્રોત્સાહન આપવું જોઈએ. અગાઉની પેઢીથી માર્ગદર્શન મળે અને યુવાનોને કામ કરવાની તક મળે, તો તેઓ સમસ્યાઓનો ઉકેલ લાવી શકે છે – એમ નહીં કે ફક્ત વિચાર કરે, પણ યથાર્થમાં બદલાવ લાવે. સમાપન – એકતાથી વિકાસ સુધી જ્યાં શિક્ષણ છે ત્યાં જાગૃતિ છે, અને જ્યાં યુવાનો સક્રિય છે ત્યાં બદલાવ શક્ય છે. જ્યારે બંને જોડાય છે ત્યારે સમાજ મજબૂત બને છે – અને એ મજબૂતાઈનું બીજ છે એકતા અને સહયોગ. ચાલો આપણે સૌ મળીને સંકલ્પ કરીએ કે શિક્ષિત, જાગૃત અને ઉત્તરદાયી યુવાનો સાથે, આપણે એક એવો સમાજ ઊભો કરીએ જ્યાં ભેદભાવ નહીં હોય, પરંતુ ભવિષ્ય માટે સમર્પિત એકતા હોય વિકાસ સાથે.

**– ભરત કે. સતિકુંવર**

# પરજવંશનો ચળકતો બુરજ પરજાવથી નીકળી, બ્લુચીસ્તાન,સિંધ,પાટણ, કચ્છ થઈ બગસરાની ''શાંતલહરી'' માં વિલીન થયો...!

મોટાબાપુ દેશાવાળા દરબારભરી બેઠા છે કસુંબા ચાલુ છે. દૂરથી ગોલણઆપા દરબારગઢમાં પ્રવેશે છે.દેશાવાળાની નજર ગોલણઆપા ઉપર પડે છે. કિનખાબનો લાંબો ડગલો, નીચે રેશમી ચોરણી માથે પરજીયાની ઓળખ એવી પાઘડી, ચમકતી મોજડી, ભેટે રેશમી પછેડી મજબૂત રીતે બાંધી છે. તેમાં સોનાથી મઢેલી મુઠવાડી તલવાર શોભે છે. દરબાર દેશાવાળાએ કારભારીને પૂછ્યું રજવાડી ઠાઠથી મર્દાના ચાલે આવતો ચિત્તા જેવી ચકોર નજર માંડતો જણ કોણ છે ? કારભારીએ કહ્યું, બાપુ આ જુવાન પરજીયા સોની રાણાઆપા ધોરડાના મોટા દીકરા સોની ગોલણઆપા છે. આજે પહેલીવાર કચેરીમાં આવ્યા છે. નાનાબાપુના ભાઈબંધ છે.

ગોલણઆપાએ વિવેક અને અદબથી જય માતાજી કહ્યા. દેશાવાળાએ ખાસ વ્યક્તિ માટે રાખેલ આસન ગ્રહણ કરવા કહ્યું. ગોલણઆપાએ આસન ગ્રહણ કર્યું.અને કહ્યું આજે બાપુ કામસર ગામતરે ગયા છે. એટલે ઘરેણાં તૈયાર થઈ ગયા હતા. તે લઈને આવ્યો છું. ઘરેણાં જોતાજોતાં કારભારી સાથે રાજકાજના આટાપાટાની વાત કરતા હતા. ગોલણઆપા આ વાત નીરખીને સાંભળતા હતા.એક સમસ્યાની ગળ દરબાર કે કારભારી ઉકેલી શકતા નહતા. દરબારે નીરખીને વાત સાંભળતા ગોલણઆપાને કહ્યું આપને આ ગુંચના ઉકેલની ગળ ખબર પડે ? કારભારીએ કહ્યું એરણ,હથોડી અને સાણસી સાથે બથોડા લેવા વાળા માણસને રાજકાજના આટાપાટાની શું ગળ પડે ?

પૂર્વજ ગાંગાજી ધોરડાનું લોહી તેની રગેરગમાં દોડતું હતું. એટલે ગોલણઆપાએ કારભારી સામે જોયું.અને દરબારશ્રી દેશાવાળાને કહ્યું આ ગળ કોઈ વણઉકેલી રહે તેવી કપરી નથી ! ગોલણઆપાએ ઘડીભરમાં ગળનો ઉકેલ આપ્યો. કારભારી સામે જોઈ દરબાર દેશાવાળા બોલ્યા, કામદાર, આપ ગોલણઆપાને માપવામાં ઉણા ઉતર્યા છો ! મારો અનુભવ કહે છે કે ગોલણઆપાની રગમાં રજવાડી લોહી દોડે છે. ગોલણઆપાએ પોતાના બાપુ પાસે સાંભળેલી વાત કહેતા કહ્યું, અમારા પૂર્વજ ગરાસદાર હતા, પાટણના સાડા ત્રણ દિવસના રાજની વાત કહી. દરબાર દેશાવાળાએ ગોલણઆપાને દરબારમાં ખાસ સ્થાન આપ્યું.

★ ★ ★ ★ ★

દેશાવાળાની કાયમી વિદાય બાદ સામતવાળા ગાદીએ આવ્યા. સામતવાળા અને ગોલણઆપાની ભાઈબંધી વધુ ઘટ બની. સામતવાળા દરબારભરી બેઠા હોય ત્યારે જયાં સુધી ગોલણઆપા ડાયરામાં પોતાનું સ્થાન ન લે ત્યાં સુધી કસુંબો ઘુંટાઈને તૈયાર હોવા છતાં ફરે નહીં. ડાયરાનો વણલખ્યો નિયમ થઈ ગયો હતો.

ગોલણઆપા વાતડાહ્યા માણસ હતા.તેનામાં વાત માંડવાની અદભુત કળા હતી.ગોલણઆપા વિવેકથી વાત માંડે ત્યારે ડાયરાના કાન તો ઘોડાની કાનસરીની જેમ સરવા થઈ જાય ! સાથોસાથ ગોલણઆપાના ચહેરાના હાવભાવ જોવા માટે આખા ડાયરાની આંખો પણ સ્થિર થઈ જાય.આવું અદભુત દ્રશ્ય જોઈ સામતવાળાના અંગરખાની કસો તુટવા લાગતી. ગોલણઆપા ડાયરાનો પ્રાણ બની ગયા હતા.''સોનાની થાળીમાં લોઢાની મેખ'' ની જેમ અમુક ભાયાતોથી ગોલણઆપાનો દબદબો અને સામતવાળા અને ગોલણઆપાની ભાઈબંધી આંખના કણાંની જેમ ખૂંચતી હતી. અમુક અદેખા ભાયાતોએ રાણીવાસમાં સામતવાળાના ઠકરાણા સજુબાઈના કાન ભંભેરિયા કે પરજીયા સોની ગોલણઆપા ધોરડા

દરબારશ્રી સામતવાળાને આડેપાટે દોરે છે.

સજુબાઈ દોઢ વરસની ઉંમરથી ''નમાયા'' હતા. દિકરીબા સજુબાઈનો ઉછેર અપરમાને હાથે ન થાય એટલા માટે તેમના બાપુશ્રીએ બીજું ઘર ના માંડ્યું. પોતે સવાયા મા અને બાપ બની દિકરીબા સજુબાઈનો ઉછેર રાજકુમારની જેમ કર્યો. સજુબાઈની નવ વરસની ઉંમરે તેમને યુદ્ધકળામાં નિષ્ણાંત કર્યા. ઉત્તમોતમ ઘોડેસવારીમાં માહિર થયા બાદ. સજુબાઈએ તલવારબાજી, પટ્ટાબાજી, ભાલાબાજી, તીરંદાજી, ત્રિશૂળયુદ્ધ, બરછી તથા ફરસીબાજીમાં મહારત હાસીલ કરી લીધી. સજુબાઈ ગઢની બહાર નીકળતા ત્યારે રાજકુમારના કપડા પહેરી ઘોડી ઉપર ચડી નીકળતા. આમ સજુબાઈ પોતાને રાજકુંવરીને બદલે રાજકુમાર સમજતા હતા. ઉંમર થતા રાજકારણના આટાપાટા પણ સમજતા થયા અને રાજકાજમાં નિપુણ થયા. છતાં સ્ત્રી સહજ લાગણીથી અદેખા ભાયાતોની કાનભંભેરણીથી દોરવાયા.

એક સમયે દરબારશ્રી સામતવાળા અને ઠકરાણા મદમસ્ત વાતાવરણમાં દરબારગઢની અટારીમાં બેઠાબેઠા ફુલગુલાબી આનંદ-પ્રમોદની વાતો કરતા બેઠા છે. સજુબાઈએ લાગ જોઈ ઘણા વખતથી ઘુમરાતી વાત કહેવા પાળ બાંધી કહ્યું. ''દરબારશ્રી ઘણા વખતથી એક વાત પૂછવાનું મન થાય છે ! ''દરબાર સામતવાળાએ કહ્યું, મને ખબર છે.''આપના મનનો ઉચાટ મારાથી અજાણ્યો નથી ! આપ ગોલણઆપા વિશે વાત કરવા માંગો છો ને ! ''સજુબાઈ બોલ્યા'' વાહ ! દરબાર આપે મને ખરી પારખી ! ''

દરબાર સામતવાળાએ કહ્યું, ''આપ સ્ત્રી જાત છો ! અમે તમારા માટે સર્વસ્વ છીએ. આપની નજરનું વર્તુળ અમારી આજુબાજુ સીમિત હોય શકે ! ઠકરાણા આપ મારી નજરે ગોલણઆપાને નિરખો ગોલણઆપા આપોઆપ પરખાઈ જશે .'' સજુબાઈએ કહ્યું , દરબાર આપ જ,! આપે જે નજરથી આપના ભાઈબંધને પારખીયાએ નજર અમને કહો''. તો સાંભળો ઠકરાણા, ''પરમાત્માએ બનાવેલ દરેક મનખમાં એક ગુણ ખાસ ઉડીને આંખે વળગે તેવો હોય છે. પછી તે કોઈ પણ હોય શકે ! ક્ષત્રિયની શૂરવીરતા, વાણિયાનો વિવેક, પાલકની નરમાશ, ગરીબની લાચારી હમેશા ઉડીને આંખે વળગે જો પારખું નજર હોય તો ! ગોલણઆપામાં મને ક્ષત્રિયની શૂરવીરતા, વાણિયાનો વિવેક અને પાલકની નરમાશ રોગેરોગી વર્તાય છે. વિવેક અને નરમાશ તો ખુલ્લી આંખે પરખાય પણ શૂરવીરતા તો વખતે પરખાય !'' સજુબાઈએ કહ્યું, ''તો કરો પારખાં ! ''સામતવાળાએ કહ્યું, ''ઝેરના પારખાં ના હોય, ઠકરાણા વખતે વાવણ થાય ! કવખતે એળે જાય ! ''

★ ★ ★ ★ ★

બગસરા દરબાર સામતવાળા ઘોડાના શોખીન હતાં તેમનું અશ્વજ્ઞાન કાઠીયાવાડમા પંકાયેલ હતું. તેમના ઘોડારમાં કાઠીયાવાડી,પાંચાલી,અરબી જેવી ઊંચ નસલના તોખાર ઘોડા રહેતા. ઘોડાર અને ઘોડાની ખાસ જાળવણી માટે ખાસદાર રાખવામાં આવતા હતા.

એક દિવસ તેમનો ખાસદાર તેમની માનીતી ઘોડીને શાંતલડી નદીમાં ધમારીને આવ્યો. ઘોડીને પગે હજી મેલ દેખાયો . સામતવાળા કાળઝાળ થયા. અને ખાસદારને કહ્યું હાલ ઘોડીને લઇ મોર થા. ઘોડી કેમ ધમારાય તને શીખવાડું. શાંતલડી નદીએ પાણી ભરેલી પાટ પાસે પહોંચ્યા.પોતાનું કિનખાબનું અંગરખું કાઢી રેતીમાં મૂક્યું. પોતાની હીરાજડિત મુઠવાડી અને સોનાની ચાંચવાડી તલવાર બાજુમાં મૂકી. પાણીમાં ઘોડી ધમારવા લાગ્યા અને ખાસદારને સમજાવ્યા લાગ્યા. (ક્રમશઃ)

સંકલન : ગુણવંત ધોરડા,જેતપુર,
સૌજન્યઃ સાગરકુમાર બારોટ (રાજકોટ)
ડો. ભુપેન્દ્રસિંહ અભાંણી (જેતપુર)
નારાયણભાઈ સોની છટપોંખ્યા (દિબ્રુગાઢ )
વિશેષ સૌજન્યઃ ગિરધરભાઈ સોલંકી (બગસરા)

# ભલાઈ

‘‘આવ રમેશ આવ’’ રમેશને આવકારી આપતા અતુલ બોલ્યો.

‘‘તું ના કહીશ તો પણ હું આવીશ. પણ એ તો કહે તે આ દરવાજો ખુલ્લો કેમ રાખ્યો છે.’’ ભરતે સવાલ કર્યો.

‘‘શું કહું તને આ મારો પગ જોઈલે. સોજીને દડો થઈ ગયો છે. થોડું પણ નથી ચલાતું. આ મારો મિત્ર ઘરમાં દરવાજે બેલ મારી. તેથી માંડમાંડ આસ્તે આસ્તે દરવાજે પહોંચી દરવાજો ખોલ્યો ત્યારબાદ દરવાજા બંધ કરવાનો રહી ગયો.’’ અતુલે વિગતથી વાત કહી.

‘‘ઠીક છે, પણ મારા ભાભી ક્યાં ગયા છે?’’

‘‘તારી ભાભી ઓફિસે ગઈ છે. કહીને ગઈ છે કે બનશે તો વહેલી આવીશ, પણ મને નથી લાગતું સાંજ પહેલા આવી શકે.’’ અતુલે આગળ પુછ્યું, ‘‘પણ એ તો તુ કહે, તું ક્યાં કામે આવ્યો છે. આમ રવિવારને બદલે આડે દિવસે અહિંયા મારે ત્યાં આવવાનું કારણ’’ અતુલે રમેશને પૂછ્યું,.

‘‘કારણ બીજું કંઈ જ નહિ હું તારી પાસેથી રૂા. ૫,૦૦૦/- લઈ ગયેલ તે પાછા આપવા આવ્યો છું. હવે મારે જરૂર નથી. અને ઉપાધી નથી.’’ રમેશે વિગતથી કહ્યું.

‘‘ઓ માય ગોડ’’ અતુલથી બોલાઈ ગયું.

‘‘શું થયું.’’ રમેશે પૂછ્યું.

‘‘ભાઈ રમેશ તારા અહિંયા આવ્યા પહેલા હું અને ધરમ મુંજવણમાં હતા, આ ધરમને રૂપિયા ૫૦૦૦/- જરૂર પડી એટલે તે મારી પાસે આવ્યો છે. મેં કહ્યું. ‘‘ભાઈ અત્યારે મારી પાસે પાંચ હજાર રૂપિયા નથી બે હજાર આપી શકીશ.’’ તો તે કહે ‘‘ના, મારે તો રૂપિયા પાંચ હજારની સખત જરૂર છે અને તે પણ હમણાં. તો મેં કહ્યું, ‘‘આ બેન્કનું કાર્ડ લઈ જા એટીએમ મશીનમાંથી ઉપાડી લઈલે.’’ તો તેણે કહ્યું ‘‘એ કાર્ડ હું ના લઈ શકું.’’

ત્યારબાદ મેં કહ્યું ઠીક છે તો તારે થોડી રાહ જોવી પડશે. તારી ભાભી આવે ત્યાં સુધી તો બસ અમે મારા વાઈફની રાહ જોતા બેઠા હતાં.

‘‘ઠીક છે હવે તમારે રાહ નહી જોવી પડે.’’ આટલું કહી રમેશે પોતાના ખીસ્સામાંથી પાંચ હજાર રૂપિયા કાઢી અતુલના હાથમાં મુક્યા.

‘‘આભાર રમેશ’’ અતુલે હસીને કહ્યું.

‘‘આભાર તો મારે તારો માનવાનો હોય. કેમકે તે મને મારે સખત જરૂર હતી ત્યારે મને પાંચ હજાર રૂપિયા આપ્યા હતા.’’

‘‘એ વાત પછી પહેલા આ રૂપિયા મારા મિત્રને આપી દઉં.’’

‘‘હા, હા, હા... એ વાત બરાબર’’ રમેશે કહ્યું. તે પછી અતુલે પાંચ હજાર રૂપિયા ધરમને આપ્યા અને કહ્યું’’ જા ધરમ જલ્દી જા તારું કામ પતાવ, પછી મને જણાવજે.

‘‘ભલે ત્યારે હું નીકળું છું.’’

‘‘હા તું જલ્દી નીકળ.’’

**– અમૃતલાલ પી. સોની ‘અમીત’**
**(વેમ્બલી–લંડન)**


**<u>પરજીયા સોની સંદેશના વાચકો માટે</u>**

**‘પરજીયા સોની સંદેશ’ના સદસ્યોને વિનંતી કે આપના મોબાઈલ નંબર તથા સરનામુ અપડેટ કરવાનું કાર્ય શરૂ કર્યું હોઈ સત્વરે આપ મોબાઈલ નં. (વોટસએપ) +91-93244 35547 ઉપર આપની વિગત મોકલી શકો છો.**

# શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી

દ્વારા આયોજીત

## શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ

## ‘૩૬મો તેજસ્વીતા સન્માન સમારોહ

**રવિવાર, તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ * સમય : બપોરે ૩:૦૦ કલાકે**

સ્થળ : સોની બેન્ક્વેટ હૉલ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ.

વિશેષ નોંધ :

- ધોરણ ૧ થી ૪ ના ૭૦% થી ઉપર માર્કસ હોવા જોઈએ
- ધોરણ ૫ થી ૧૨ના ૬૦% થી ઉપર માર્કસ હોવા જોઈએ
- ડીપ્લોમા, વોકેશનલ અને પ્રોફેશનલ કોર્સ ના ૫૦% થી ઉપર માર્કસ હોવા જોઈએ
- ઈનામ વિતરણના દિવસે પોતાની સ્લીપ સાથે લાવવી ફરજીયાત છે.
- હાજર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને જ ઈનામ આપવામાં આવશે.
- સમયસર હાજરી આપવી ખાસ જરૂરી છે.

# મુંબઈ સુવર્ણકાર સંઘ

મુંબઈ સુવર્ણકાર સંઘ દ્વારા MSME ગોલ્ડ વેલ્યુએશન સર્ટીફિકેટ કોર્સનું આયોજન કરવામાં આવશે.

કોર્સ ફી : રૂા. ૬,૪૯૦/- (૧૮% GST સહિત)

મુંબઈ સુવર્ણકાર સંઘની ઓફિસ : ૬૩, કાચવાલા બિલ્ડીંગ, ૧લે માળે, રૂમ નં. ૧૩, ધનજી સ્ટ્રીટ, ઝવેરી બજાર, મુંબઈ-૪૦૦૦૦૩. - સંપર્ક કરો : 7506164774

મુંબઈ સુવર્ણકાર સંઘ

મહાસચિવ શ્રી અદીપ રાજેન્દ્ર વેણેકર

સેક્રેટરી (બોરીવલી વિભાગ) ગિરીશભાઈ આર. સાગર – મો.: ૯૮૧૯૧૫૫૨૦૧

(*જા×ખ)

# 'મા' ના બે ચરણ – 'સમતા' અને 'મમતા'

મા ના બે ચરણ છે : એ છે એક 'સમતા' અને બીજું 'મમતા'. 'સમતા' અને 'મમતા' નો જુગપદનિર્વાહ મોટા-મોટા જ્ઞાનીઓ પણ નથી કરી શકતા સિવાય મા. સમતા અને મમતા ને એક સાથે સાચવવી બહુ કાઠી, જ્યાં મમતા હોય ત્યાં સમતા તૂટતી હોય, જ્યાં સમતા હોય ત્યાં મમતા થોડી ભાર ખાતી હોય. આ જુગપદનિર્વાહ માઁ કરતી હોય છે. મા નું હૃદય એ પ્રેમ-મંદિર છે. આવી મા પોતાના જીવનમાં ઋણ વસ્તુઓ વહાવતી હોય છે. પહેલા રક્ત વહાવે, પછી દૂધ વહાવે અને પછી આંસુ વહાવતી હોય છે. જગત માટે તો માતાનાં ત્રણ સ્થાન. આખાય પરીવારની માઁ બનીને એ બેસે. એટલા માટે આપણા ત્યાં કહેવાયું છે કે જમાડતી વખતે સ્ત્રી પુરૂષને માતાની જેમ પીરસતી હોય છે. આખા ઘરની મા બનીને 'એક દેહ- મા' બીજી ગેહ મા અને ત્રીજી માતા છે નેહ મા, જગદંબા બનીને આખા જગતને ભીંજવતી હોય છે.

કવિશ્રી બોટાદકર ... ના શબ્દો...

**''મીઠાં મધુને મીઠા મેહુલા રે લોલ...**
**એથી યે મીઠી તે મોરી માત રે...**
**જનનીની જોડ સખી ! નહિ જડે રે લોલ...!**
**પ્રભુના પ્રેમતણી પૂતળી રે લોલ...**
**જગથી જૂહેરી એની જાત રે...**
**જનની ની જોડ સખી! નહિ જડે રે લોલ...!''**

શ્રીદેવજી શ. મોઢા :

**''આ દશ્યો, આ શ્રવણ સહુ વાયવ્ય અસ્પૃશ્ય**
**હું તો તેથી ચાહું જનમવા તારી કુખે ફરીથી...''**

'માઁ' શબ્દ સાંભળતા કે બોલતાની સાથે જ તેનો રહીનો આપાણા પ્રત્યેનો નિઃસ્વાર્થ પ્રેમ ઉભરાય આવે છે. આપણા આ દુનિયામાં આવવાથી તે લઈ આપણને મોટા કરવા, શિક્ષણ આપવું, શિસ્ત આપવી, અન્ય કેળવણી આપવી, આવી જીવનની અનેક વિદ્યા આપણને એમની કુખમાંના નવ મહિનામાં આપે છે. જગતની સ્વર્ગરૂપી મૂર્તિ છે તો એ છે...'મા' આપણને પુરા છ મહિના એનું દૂધ આપી આપણને નિરોગી રાખે છે. હસતાં-બોલતાં-ખાતાં-રમતાં આ તમામ ક્રિયાઓ એક માતા એનો ઘર-સંસાર ચલાવતાં-ચલવતા એના બાળકને આપે છે. (શિખવે છે) માઁ આપણા પર અપાર પ્રેમ વરસાવે છે. ચાહે એ કોઈ પણ પરિસ્થિતિ માં હોય, ભગવાન શ્રીકૃષ્ણે પણ પોતાની લીલામાં જશોદામાં પર પોતાનો અથાગ - અનેરો પ્રેમ રેડ્યો છે.

જાણીતી પંક્તિ -

**''નંદલાલાને માતા જશોદાજી સાંભરે...**
**મમતાની મૂર્તિ મારી રહી ગઈ ગોકુળમાં...''**

આપણે જાણીએ છીએ અને જોઈએ પણ છીએ કે દુનિયામાંની કોઈ પણ વસ્તુ સજીવ યા તો નિર્જીવ, એમની સાથે એને બનાવનારનું નામ અચુક લખાય છે... જેમ કે, ટી.વી.ના શોધક ટેલિફોનના શોધક.... આવી જ રીતે 'પુસ્તક' તો આ પુસ્તક પર એના લેખક, સંપાદન પોતાનું નામ જોડે છે, ચિત્રકાર એમનાં ચિત્ર નીચે એમની ઓળખ આપે છે. બધી બાબત પર આ આપણો જોયેલું હશે. પણ 'આ અદ્ભુત મા' એ એક એવી કુદરતની અનેરી-રંગીન કૃતિ છે કે પોતાના થકી જન્મેલ બાળકને પણ એ એમના પિતાના નામ સાથે જોડે છે. અદ્ભુત છે ને આ મા ની કરામત.

ગર્ભમાં રહેતાની સાથે તેની તમામ જવાબદારી પુરા ખંતથી નિભાવે છે. આપણે આપણી મા નો આભાર માનવો જોઈએ. હંમેશા આપણે સૌ કોઈ એના ઋણી રહીશું. મા એક એવી સુશોભિત શિલ્પકલાકૃતિ છે જેના ભગવાન સિવાય રચયીતા ના હોઈ શકે! એટલી સરસ મજાની કંડારાયેલી છે કે બસ.... (નિ:શબ્દ)

(મધર – જનેતા – મમતા – માતા – આઈ – બડી બા)

''હું તો હું સુતો પારણે પુત્ર નાનો,<br>
રડુ છેક તો રાખતું કોણ છાનો...<br>
મને દુ:ખી દેખી દુ:ખી કોણ થાતું<br>
મહાહેત વાળી દયાળી છે મા તું<br>
સુકામાં સુવાડી ભીને પોઢી પોતે<br>
પીડા પામું પડે ત્યજે સ્વાદ તો તે...!''

- ક્રિષ્ના કમલેશભાઈ સાગર<br>
(દેરડી કુંભાજી)




N. H. Beauty Saloon

Beautician : Rakhee Hitesh Satikuvar

✆ 99309 09411 / 79773 34312

Specialist in Bridal Make-up & Siders

Add.: 401/4th, Shanti Sadan, Dadabhai Road,<br>
Vile Parle (West), Mumbai-400056.


બર્નાર્ડ શો એક રેસ્ટોરન્ટમાં ગયા . એક યુવતી એક ટેબલ ઉપર એકલી બેઠી હતી. શો એ પૂછ્યું કે પોતે અહીં બેસી શકે ? યુવતીએ મંજૂરી આપી. વાતચીત થઈ. શો એ કહ્યું.

'' તમારી આંખોની ચમક સરસ છે. તમારા વાળ રેશમ જેવા છે.'' વગેરે વગેરે વખાણ કર્યા.

યુવતી : આભાર, પણ માફ કરશો. હું તમને આવું કશું કહી શકું તેમ નથી


શો : વાંધો નહીં, મારી જેમ ખોટું બોલો !




Avani Soni

Makeup Artist & Hair Designer

9892515315



## લાગણીઓનું ઘર એટલે હૃદય અને હૃદયનું ઘર એટલે પ્રેમ

હૃદય એટલે એક એવી જગ્યા જ્યાં દરેક ભાવ, અનુભવ અને સંબંધ પોતાની છાપ છોડી જાય છે. આંસુ ભલે આંખોમાંથી વહે, પણ ત્યારે રડતુ હોય હૃદય. હાસ્ય ભલે હોઠ પર હોય પણ આનંદિત હૃદય હોય. હૃદય એક એવુ સ્થાન છે, જ્યાં શબ્દોથી વધુ સંવેદનાઓ વાત કરે છે. પ્રેમ, ખિન્નતા, યાદો, માફી, ડર, આશા અને આવી અનેક ભાવના પહેલા હૃદયમાં જન્મે છે, અને એટલે જ એ લાગણીઓનુ ઘર છે. દિમાગ તો કદાચ યથાર્થને જુએ છે, પણ હૃદય લાગણીઓને જીવે છે.અને હૃદયનું ઘર પ્રેમ છે, કારણ કે તેને જીવવા માટે પ્રેમ જોઇએ છે. જ્યાં પ્રેમ હોય ત્યાં હૃદય ધબકે છે, શાંતિ અનુભવે છે. પ્રેમ એ હૃદય માટે ઓક્સિજન જેવું છે. તેની હાજરી હૃદયને જીવંત બનાવે છે. પ્રેમ વગરનું હૃદય ખાલી પડેલા ઘર જેવું હોય છે, સૂનસાન. એટલે જ, જ્યારે કોઈનું હૃદય જીતી લઈએ, ત્યારે એ વ્યક્તિના અંદરના પ્રેમભર્યા જગત સાથે આપણો સંબંધ બંધાય જાય છે.

**'પરજિયા સોની સંદેશ' માં પ્રસિદ્ધ થતાં લેખો, વાર્તા, કવિતાના લેખક/લેખિકાઓનો ખૂબ ખૂબ આભાર  સમયમાં આપનો સહયોગ મળતો રહે એ આશા સાથે જય માતાજી.**

---

### આયુષ્યમાન ભારત કાર્ડ, ઈ શ્રમ કાર્ડ - વિરાર અને મીરારોડમાં રહેતા જ્ઞાતિજનો માટે

શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી દ્વારા વિરાર, મીરારોડ અને તેની નજીકમાં રહેતા આપણા જ્ઞાતિજનો માટે સરકારી યોજના હેઠળ આવતા આયુષ્યમાન કાર્ડ, ઈ-શ્રમ કાર્ડ અને મહાત્મા જ્યોતિબા ફૂલે (જન આરોગ્ય યોજના)ના કાર્ડ બનાવવા માટે વિશેષ સુવિધા કરવામાં આવી છે નીચે આપેલ સેન્ટર પર જઈ આપ આ યોજનાનો લાભ લઈ શકો છો.

**સરનામું :**

**(વિરાર–વેસ્ટ) :** પેપ્સ સુવિધા કેન્દ્ર, શોપ નં. ૨, વિનય યુનીક એમ્પેરીયા-ડી, વિવારાજ મૈત્રીની સામે, અગ્રવાલ લાઈફ સ્ટાઈલ, ચિખલ ડોંગરી રોડ, વિરાર (વેસ્ટ)

**(મીરારોડ – ઈસ્ટ) :** બી-૪, શોપ નં. ૨, સેક્ટર-૧૦, શાંતિનગર, મીરારોડ (ઈસ્ટ)

વિશેષ નોંધ : જેમના કાર્ડ બનાવવાના હોય તેઓએ આધાર કાર્ડ અને રેશનિંગ કાર્ડ લાવવા જરૂરી છે, OTP માટે સાથે રજીસ્ટર મોબાઈલ નંબર હોવો જોઈએ. **સંપર્ક : ૯૮૬૭૩૯૬૬૦૬ / ૯૮૯૮૮૨૬૬૦૬**

---

નામ : ______________________ ઉંમર : ________

સરનામું : ______________________________

______________________ મોબાઈલ નં. : ______________________

*જે આરામ ચાહે છે, તે પોતાની વાસ્તવિક ઉન્નતિ કરી શકતો નથી.*

<u>હાર્દિક નિમંત્રણ</u>

## સમસ્ત ચલ્લા પરિવાર શ્રી મોમાઈ માતાજી મંદિર, વીરનગર

વીરનગર મુકામે બિરાજતા ચલ્લા પરિવારના કુળદેવી શ્રી રાજ રાજેશ્વરી મા મોમાઈ માતાજીના મંદિરે દર વર્ષે નવરાત્રી મહોત્સવ ધામધૂમથી ઉજવાય છે. તો આ વર્ષે પણ આસો સુદ ૮ ને મંગળવાર તા. ૩૦-૯-૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે નિવેદ ધરાવવાના છે અને પ્રસાદનો સમય બપોરે ૧:૦૦ કલાકે રાખેલ છે તથા દશેરાનો હવન આસો સુદ ૧૦ ને ગુરૂવાર તા. ૨-૧૦-૨૦૨૫ ના રાખેલ છે અને બીડું હોમવાનો સમય બપોરે ૧:૩૦ કલાકે રાખેલ છે.

તો આ પાવન પ્રસંગમાં આપ સૌ ચલ્લા ભાઈઓ તથા બહેનોને સહકુટુંબ પધારવા હાર્દિક નિમંત્રણ છે. જય માતાજી

**– લિ. ભાસ્કરભાઈ આણંદજીભાઈ ચલ્લા – જસદણ**

**(મો.: ૯૪૨૭૨૬૯૩૨૪ / ૯૧૦૬૪૭૦૧૯૩)**



# ગોર શ્રી ભરતભાઈ ડી. ભટ્ટ

**(પરજીયા સોનીના એક માત્ર કુળગોર)**

**દરેક પ્રકારનું ધાર્મિક કામ કરાવનાર તથા જ્ઞાતિના સંતાનો માટે યોગ્ય સ્થાન બતાવનાર અને જ્યોતીષનું માર્ગદર્શન**

૧૦, કૃષ્ણ ભુવન, જે. એમ. રોડ, ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦ ૦૭૮.

**મો.: ૯૮૨૦૧ ૬૪૦૦૭ / ૯૮૯૨૨ ૬૮૬૬૭**

**E-mail : bharatbhatt2549@yahoo.com**

*એક પરમાત્મા-પ્રાપ્તિનો દૃઢ ઉદ્દેશ્ય હોવાથી અંતઃકરણની જેટલી જલદી અને જેવી શુદ્ધિ થાય છે, તેટલી જલદી અને તેવી શુદ્ધિ અન્ય કોઈ અનુષ્ઠાનથી થતી નથી.*

## કેવળ પરમાત્મા ઉપર જ આધાર રાખજો

કોઈપણ જાતની સહાયતા કે મદદ માટે કેવળ પરમાત્મા ઉપર જ આધાર રાખજો. કેવળ 'તે' જ સ્થાયી અને સાચી મદદ આપી શકે છે. આ સહાયતા મેળવવાની યોગ્યતા માટે તમારે કેવળ એક વાતની જરૂરત છે અને તે એ છે કે તમારે માનસિક રૂપથી પરમાત્મા સાથે સંબંધ બાંધવો જોઈએ અને 'તેઓની' ઉદારતા અને દયાશીલતામાં સંપૂર્ણ વિશ્વાસ રાખવો જોઈએ. પરમાત્મા તમને મદદ કરવા માટે કોઈ પણ સાધન પસંદ કરશે. તમને જો સહાયતા તમારા સગાસંબંધી, પાડોશીઓ કે મિત્રો મારફત મળે છે તો તેમાં પરમાત્માની પ્રેરણા જોતા શીખજો. તમારે સંસારમાં તમે એકલા છો તેવું ન માનવું જોઈએ. તમારી પાસે તમારા આત્મા અને પરમપિતા પરમાત્માની અનંત શક્તિઓ મોજૂદ છે. તમારે તો ફક્ત તે શક્તિઓ માટે દરવાજાઓ ખટખટાવવાના છે.

## જેટલું લો તેનાથી વધુ આપો

આ ધરતી ઉપર રહીને તમોએ તમારા માટે, તમારા પરિવાર માટે અનેક વસ્તુઓનો લાભ લીધો છે. તમારા પૂર્વજો તરફથી, તમારા દેશ તરફથી, તમારા સમાજ તરફથી તમને અનેક લાભ મળ્યા છે અને હજી મળતા રહે છે. તમે સમાજ અને કુદરત પાસેથી જેટલું લો છો તેનાથી વધુ જો તેને તમે પાછું આપી શકો તો જ આ ધરતી તમારું જીવન જીવ્યું સાર્થક થયું ગણાશે.

જો તમે સમાજને સામેથી યોગ્ય પ્રતિદાન કર્યા વગર એ પરોપજીવી વ્યક્તિની જેમ તેને ફોલી ખાસો તો જરૂર માનજો કે આ ધરતી ઉપર તમે એક ભાર છો.

તમે સમાજને જુદી જુદી રીતે કંઈ ને કંઈ આપી શકો તેમ છો - જેમ કે તમે તમારું જ્ઞાન અને અનુભવ આપી તેના ઉપર આધારિત કોઈ વ્યવહારિક કાર્ય કરીને સેવા કરી શકો છો.


*Shadows & Shades by:*
*Namrata Soni*
*Professional Makeup & Hair Artist*

*9920970829*

**Services :**
Bridal | Wedding Siders | Party
Sangeet | Baby Shower
Celebrity Makeup
Water Proof Makeup
Ads-Photoshoot | Events

**PRODUCTS USED**
DIOR / Bobby Brown / Tarte / Toofaced / Huda Beauty / Myglamn / Nykaa/ Sehora

VIDHI DHAKAN
+91 8104177573
+91 9167951734
SONI VIDHI
SONI VIDHI MAKEOVERS
PROFESSIONAL MAKEUP AND HAIR ARTIST
- BRIDAL
- SIDERS
- PREWEDDING
- BABYSHOWER
- PARTY

DESTINATION SERVICE IS ALSO PROVIDED
SPECIAL OFFER FOR
**SONI COMMUNITY**
Sonividhi_makeovers
8104177573

# દીર્ઘદ્રષ્ટી

ઘણા વર્ષો પહેલાની વાત છે એક ગામ હતુ એ ગામમાં રાજાશાહી હતી ગામમાં ખેડુત, વેપારી દરેક જાતના માણસો હતા. આ ગામમાં એક રીવાજ હતો રાજાને દિકરો જ રાજા બને એવું ન હતું.

એક દિવસ જાહેર સભા રાખવામાં આવે આખું ગામ ભેગું થાય આનંદ ઉત્સવ, ભોજન વ્યવસ્થા જાહેર મેળો ભરાય તેમાં એક હાથી સુંઢમાં કળશ લઈને આવે એ ગામમાં પ્રજાજનોમાં ફરે અને જે પ્રજાજન ઉપર એ કળશથી પાણી રેડે એ વ્યક્તિ જ રાજા બને એનો આદર સત્કાર કરી સન્માનપૂર્વક મહેલમાં લઈ જાય એનો રાજ્યાભિષેક થાય અને એ રાજા બને.

ત્યારબાદ એની હકુમત ચાલે અંગરક્ષક, સૈનિકોનો ચોકી પહેરો, રહેવા માટે રાજ મહેલ, દાસદાસીઓ મનભાવતા ભોજન મહેલની સંપત્તિ ઉપર એનો અધિકાર.

''ખૂબ જ સારું કહેવાય ને? ''

''આ રાજાશાહી ભોગવવાનો અધિકાર ફક્ત પાંચ વર્ષનો છે તો પણ સારું કહેવાય ને?''

પાંચ વર્ષ પછી એ રાજાને સૈનિકો દોરડાથી બાંધીને કેદીની માફક ગામમાંથી નીકળ્યા. બાજુના ગામમાંથી આવેલ એક સજ્જને આ જોયું તો પૂછયું ભાઈ આ રાજાએ શું ગુનો કર્યો છે કે એને આ રીતે બાંધીને લઈ જવો પડે છે.

ગામના માણસે કહ્યું - ''ભાઈ આ રાજા હતો પણ એના પાંચ વર્ષ પુરા થયા છે અને હવે એને બાજુના જંગલમાં લઈ જવાનો છે જે ઉજ્જડ અને વિરાન છે એ જંગલમાં જંગલી જાનવરો છે, માનવ વસાહત નથી, ખાવા-પીવાની કોઈ વ્યવસ્થા નથી, ગમે ત્યારે જંગલી જાનવરનો કોળીયો થઈ જવાય.''

પેલા બાજુના ગામના અતિથિએ પૂછયુ, ''આમ કરવાનું કારણ શું?''

ગ્રામજને કહ્યું - ''આ ગામનો રિવાજ છે. હવે આજ રીતે નવા રાજાની વરણી થશે અને પાંચ વરસ એને પણ આનંદ કરવાનો પણ એના પછીની જીંદગી ભયાનક છે. એટલે એ જવા તૈયાર નથી જબરદસ્તી લઈ જવો પડે.''

અને આજ પ્રક્રિયા થઈ હાથી આવ્યો અને એક ગ્રામજન ઉપર કળશ ઢોળ્યો એ રાજા થયો અને પાંચ વરસ રાજ્ય કર્યું પછી એને લઈ જવા સૈનિકો આવ્યા, દોરડાથી બાંધવાની તૈયારી કરી એ ભાઈએ કહ્યું ''જરૂર નથી હું તૈયાર છું એ જંગલમાં જવા !''

હું રાજી ખુશીથી ત્યાં જઈશ અને રહીશ માટે મને બાંધશો નહીં. આખું ગામ અચરજ પામી ગયું. આ ભાઈને જંગલની બીક નથી લાગતી ત્યાં જવા માટે ખુશ છે, આતુર છે.

એક વૃદ્ધ માણસે પુછયું - ''ભાઈ તમે ત્યાં જંગલમાં જવા માટે આતુર થયા છો આનું કારણ શું?''

એ રાજાએ જવાબ આપ્યો, ''ભાઈ હું રાજા બન્યો પછી પાંચ વરસ સુધી મેં એ જંગલમાં સાફ-સફાઈ કરાવી વસાહત ઉભી કરી, ખેતીવાડી વિકસાવી, મારે રહેવા માટે ભવ્ય મકાન બનાવ્યું, હવે ત્યાં જંગલી જાનવરની બીક નથી, પણ રહેવા માટે સરસ જગ્યા બની ગઈ છે. ત્યાં હું સુખ સાહયબીથી રહી શકુ એવી સગવડ ઉભી કરી દીધી છે.'' આનું નામ 'દિર્ઘ દ્રષ્ટી'.

મારા માનવા મુજબ આ વાર્તા ઘણી સારી છે, દરેકને ગમે એવી છે. સાથે ઘણું બધુ કહી જાય છે. બોધપાઠ આપે છે.

વર્તમાનના સુખને ભવિષ્ય માટે વિભાજન કરી શકાય છે. આજે આપણને કુદરત જે સુખ આપે છે એને ભવિષ્યનું આયોજન કરી શકીએ છીએ.

ભૂતકાળ ગયું ભવિષ્યની ખબર નથી પણ વર્તમાન આપણું છે તો વર્તમાન સંભાળીએ અને ભવિષ્યનું આયોજન સાથે રાખીએ તો જીંદગી જીવવાની મજા આવી જશે.

**- અજ્ઞાત**

*કોઈ પણ કર્તવ્ય-કર્મ નાનું કે મોટું હોતું નથી. નાનામાં નાનું અને મોટામાં મોટું કર્મ કર્તવ્યમાત્ર સમજીને કરવાથી સરખું જ છે.*

# ગણેશોત્સવ

ગણેશોત્સવ હિંદુ ધર્મનો એક મહત્ત્વપૂર્ણ તહેવાર છે, જે વિઘ્નહર્તા અને બુદ્ધિપ્રદાતા ભગવાન શ્રી ગણેશના જન્મોત્સવ તરીકે ઉજવાય છે. આ તહેવાર ખાસ કરીને મહારાષ્ટ્ર, ગુજરાત, કાનાટક અને ગોવા સહિત ભારતભરના અનેક પ્રદેશોમાં ભારે ઉત્સાહ અને ભક્તિપૂર્વક ઉજવવામાં આવે છે.ભાદ્રપદ મહિનાની ચતુર્થિથી શરૂ થઈને દસ દિવસ સુધી ચાલતો આ ઉત્સવ લોકજીવનમાં આનંદ, ભક્તિ અને એકતાનો સંદેશ આપે છે. ઘરો અને સાર્વજનિક મંડપોમાં ગણપતિજીની સુંદર પ્રતિમાઓ સ્થાપિત થાય છે, આરતી, ભજન-કીર્તન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. અંતિમ દિવસે ગણેશ વિસર્જન કરવામાં આવે છે, જેમાં ભક્તો ગણપતિ બાપ્પા મોરયાના નાદ સાથે વિદાય આપે છે.આ તહેવાર માત્ર ધાર્મિક નથી, પરંતુ સામાજિક અને સાંસ્કૃતિક એકતાનો પણ ઉત્સવ છે, જ્યાં ભક્તિ સાથે લોકો પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક સેવા જેવા સંદેશો પણ ફેલાવે છે.



**- સંકલન**

---

## શ્રી સમસ્ત પરજીયા સોની મહાજન સેવા ટ્રસ્ટ (મુંબઈ)

### શ્રી સમસ્ત પરજીયા સુવર્ણ જનરલ હોસ્પીટલ

છેલ્લા ૩૦ વર્ષથી મુંબઈમાં રહેતા સોની જ્ઞાતિના જરૂરીયાતમંદ વ્યક્તિઓને દવા સહાય આપવામાં આવે છે.

| નં. | વર્ષ | દર્દીની સંખ્યા | કુલ સહાયની રકમ |
|---|---|---|---|
| 1 | 2021-2022 | 225 | 2,79,004.00 |
| 2 | 2022-2023 | 171 | 2,81,852.00 |
| 3 | 2023-2024 | 150 | 2,35,266.00 |
| 4 | 2024-2025 | 155 | 2,58,728.00 |
| | કુલ | **701** | **10,54,650.00** |

છેલ્લા ચાર વર્ષથી કુલ ૭૦૧ દર્દીઓને કુલ દસ લાખ ચોપન હજાર છસ્સો પચાસ રકમની દવા સહાય આપવામાં આવી છે.

– ટ્રસ્ટીશ્રી ગુણવંત સોની

## શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી

**તા. ૦૧–૦૭–૨૦૨૫ થી ૩૧–૦૭–૨૦૨૫ આવેલ ભેટની યાદી**

**શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ) 'એજ્યુકેશન ફંડ'**

૫,૦૦૦/- હાલ દહિસર નિવાસી સોની પ્રિતીબેન વિનોદભાઈ પરજીયા (ઘઘડા) તરફથી સ્વ. રમાબેન જમનાદાસ સુરૂ – લાઠીવાળાના દોહિતર નિમિત્તે એજ્યુકેશન ફંડમાં અર્પણ.

૧,૦૦૦/- ગામ લાઠી (હાલ મલાડ) ગં. સ્વ. સોની જયશ્રીબેન રમેશભાઈ જગડા તરફથી સ્વ. રમેશભાઈ હરીભાઈ જગડાની ઉત્તરક્રિયા નિમિત્તે એજ્યુકેશન ફંડમાં અર્પણ.

---

## શ્રી સમસ્ત પરજીયા સોની મહાજન સેવા ટ્રસ્ટ

**તા. ૦૧–૦૬–૨૦૨૫ થી ૩૦–૦૬–૨૦૨૫ આવેલ ભેટની યાદી**

૨,૦૦૦/- ગામ દેરડી કુંભાજી (હાલ બોરીવલી) નિવાસી સોની ગિરીશભાઈ રામજીભાઈ સાગરના માતુશ્રી જયાબેન રામજીભાઈ સાગરની પુણ્યતિથી નિમિત્તે મહાજન સેવા ટ્રસ્ટમાં અર્પણ.

---

**જે પણ જ્ઞાતિજનો અને દાતાશ્રીઓને 'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી' સંસ્થાને ખુશીભેટ, દાન કે ફાળો આપવો હોય તેઓ સંસ્થાના QR Code સ્કેન કરી રકમ સંસ્થાને મોકલી શકે છે.**

## અગત્યની સુચના

**'પરજિયા સોની સંદેશ' ના સભ્યોને જણાવવાનું કે સોનીવાડી કાર્યાલયમાંથી દર મહિનાની ૨૦ તારીખે 'પરજિયા સોની સંદેશ' પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે, જે સભ્યોને 'પરજિયા સોની સંદેશ' મેળવવામાં મુશ્કેલી આવી હોય તેમણે તેમના વિસ્તારની પોસ્ટ ઓફિસમાં ફરિયાદ નોંધાવવા વિનંતી.**

## સગા–'વહાલા'

૧) 'સગા' એટલે શું? સગા એટલે ઘરે કાંઈ પ્રસંગ હોય, માન–સન્માનની અપેક્ષા રાખે, દરેક વ્યવહારમાં કામોમાં ભૂલ શોધે, કડવી વાણીથી મેણાં–ટોણાં મારતા રહે તે 'સગા'.

૨) 'વહાલા' એટલે શું? પ્રસંગ હોય ત્યારે હંમેશા હસતાં રહે, હાજર રહે, ભૂલ ના શોધે, આપણું ઢાંકે, હસતાં–હસતાં બધા કામ કરે, માન–સન્માનની અપેક્ષા ના રાખે, આપણા પ્રસંગ વખતે ઘરનું વાતાવરણ આનંદમય રાખે તે 'વહાલા'.

### પ્રદક્ષિણાના નિયમ

સૂર્યની – સાતવાર ; વિષ્ણુની – ચારવાર
દુર્ગાની – એકવાર ; હનુમાનજીની – ત્રણવાર
શિવલીંગના – અર્ધા પ્રદક્ષિણા કરવી

**– 'સોળ સંસ્કાર'માંથી સાભાર**

કોઈને ખવડાવવાની ભાવના રાખજો, કોઈનું ખાવાની નહીં,
આપવાની ઈચ્છા રાખજો, લેવાની નહીં.

# ★ સોની સંદેશ જાહેરાત નવા દર ★

| * એક અંકના જાહેરાત દર * | |
|---|---|
| કલર પેજ | ₹ 3,200/– |
| હાફ કલર પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 1,000/– |
| ક્વાર્ટર પેજ | ₹ 600/– |

| * આખા વર્ષના અંકના જાહેરાત દર * | |
|---|---|
| કલર પેજ | ₹ 38,400/– |
| હાફ કલર પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 12,000/– |

| * ટચુકડી જાહેરાત * | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૨૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૦૦/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૨૫/- અંક દીઠ |

| * ટચુકડી જાહેરાત * | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૩૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૨૫/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૭૫/- અંક દીઠ |

**અર્ધા પેજ કે ક્વાર્ટર પેજની જાહેરાત ફેરફારો ને આધીન રહેશે.***
**જાહેરાતના દરમાં ૧૮% GST અલગથી લાગશે.**

*condition apply.

| FOR DONATION FROM FOREIGN | | | |
|---|---|---|---|
| | **For USD** | **For USD** | **For GBP** |
| INTERMEDIARY | Bank of Baroda, | Bank of Baroda, | Bank of Baroda, |
| BANK | New York Branch | Brussels Branch | London Branch |
| SWIFT Code | BARBUS33 | BARBBEBB | BARBGB2L |

| | |
|---|---|
| Account with Institution SWIFT Code | Bank of Baroda, Business Financial Services Branch, Kandivali, Mumbai BARBINBBIBK |

| **Name with Address** | |
|---|---|
| Account Name | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society |
| Account Number | : 20260100023592 |

| **Bank Name** | **FOR DONATION IN INDIA** |
|---|---|
| **SBI Bank** | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: A/c No. : 67350110697 Borivali (W) Br.<br>IFSC : SBIN0070693 |
| **UBI Bank** | : A/c No. : 316101010701018 Borivali (W) Br.<br>IFSC : UBIN0531618 |
| **Kotak Bank** | : A/c No. : 7612109244 Borivali (W) Br.<br>IFSC : KKBK0001357 |

# ડી. કે. એસી હૉલ (સોનીવાડી)



એસી હૉલ - ૩૫૦-૪૫૦ મહેમાનો માટે*

શુધ્ધ શાકાહારી* ઓપન કેટરર્સ*





# SONI BANQUET HALL





**આધુનિક સુવિધા ધરાવતા ડિલક્સ AC રૂમો**

- અદ્યતન સુવિધાઓ સાથે આપની સેવામાં ઉપલબ્ધ
- બોરીવલી સ્ટેશનથી વોકીંગ ડીસ્ટન્સ
- ૬૦ વર્ષથી લગ્ન પ્રસંગો માટે વિશ્વાસપાત્ર
- ડેકોરેશનની અદ્યતન રેન્જ

(* શરતો લાગુ)

'સોનીવાડી'
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ–૯૨.
ફોન : 2898 3905 / 2899 9097
મો.: +91-93244 35547
Email : sonisandesh1@gmail.com

PARAJIA SONI SANDESH (Monthly) • AUGUST 2025 • R.N.I. No.: MAHGUJ/2008/26726
Patrika Channel Sorting Office: Mumbai - 400 001 on 20th of every month • Date of Publication & Posting 20th of every month

।। જય શ્રી મોંમાઈ મા ।।

## ‘પરજિયા સોની સંદેશ’ નિભાવ ફંડના સહયોગી દાતા







## સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ
## સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

(જામકાવાળા)ના પુણ્ય સ્મરણાર્થે



★ હસ્તે ★

**શ્રી મહેન્દ્રભાઈ બાબુભાઈ ધકાણ**

જામકાવાળા (હાલ દુબઈ)

From :

**શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી**
સંચાલિત
**પરજિયા સોની સંદેશ**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.
ફોન : ૨૮૯૮ ૩૯૦૫/૨૮૯૯ ૯૦૯૭

To,